**<u>ફોજદારી કેસ નં.૫૪૯/૨૦૨૦</u>**

## // આંક–૧ નીચે હુકમ //

(૧) સદર કામના આરોપીઓ સામે જુગાર ધારાની કલમ–૧૨ અન્વયેના ગુનાના આક્ષેપો અંગેનું આંક–૧થી તહોમતનામું રજુ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપી નં.(૧) થી (૩) તથા (૫) નાઓ આજરોજ અદાલત સમક્ષ હાજર થતા પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિનામુલ્યે આપેલ હોવાની ખાત્રી કર્યા બાદ, આરોપી નં.(૧) થી (૩) તથા (૫) નાઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપી નં.(૧) થી (૩) તથા (૫)નાએ ઉપરોકત ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને તે સબંધમાં અલગથી કબુલાત પુરસીસ પણ આપેલ છે. આમ, કામના આરોપી નં.(૧) થી (૩) તથા (૫) પોતાની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે, અને આ કામના આરોપી નં.(૧) થી (૩) તથા (૫) નાઓ સામે અન્ય ગુના નોંધાયેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ સદર આરોપીઓએ રજુ કરેલ ગુના કબુલાત પુરસીસમાં તેઓ આરોપીઓ મુદ્દામાલ રોકડ રકમ અંગે કોઈ કલેઈમ કરતા નહીં હોવાનું જણાવેલ છે. આમ, હાલના આરોપીઓ ઉપર જાહેર માર્ગ ઉપર હાર–જીતનો જુગાર રમવાનું જે તહોમત છે તે ધ્યાને લેતા અને કલમ–૧૨માં આપેલ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપી નં.(૧) અમુલભાઈ ધીરજલાલ કારીયા (૨) મહેબુબભાઈ બાવામીયા (૩) રાજુભાઈ ભુપતભાઈ લાડવા (૫) હબીબશા આમદશા સર્વદી નાઓને જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં.(૧) થી (૩) તથા (૫)નાઓને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેકને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ભરવામાં કસુર થયે આરોપી નં.(૧) થી (૩) તથા (૫) ના ઓ દરેકે દિન–૧૦(દસ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અપીલ સમય વિત્યે મુદ્દામાલની રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ તે સિવાયના મુદ્દામાલનો નિયમાનુસાર નાશ કરવાનો તેમજ વચગાળાની કસ્ટડી રૂપે જે કોઈ મુદામાલ સોંપવા અંગેનો હુકમ કરવામાં આવેલ છે તે આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી નં.(૧) થી (૩) તથા (૫) ના જામીનખત તથા જાત મુચરકા રદ્દ ગણવા.

(૫) આરોપી નં. ૪ પુરતો કેસ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૨૮ માહે : સપ્ટેમ્બર સને : ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કેશોદ
તારીખ : – –૨૦૨૨

(એમ.એચ.પઢીયાર )
એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
કેશોદ
(GJ01145)